જા.નં./મા-૩/૨૦૨૪/ 16285

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.3-૧૨-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ (ગ્રાન્ટેડ),
સુરત.જિ.સુરત.

આ સાથે સામેલ નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઘ/વ-૨/૨૦૨૪/૧૧૬૧૮-૧૧૬૫૪ તા.૨૯-૧૧-૨૦૨૪ મુજબ જાણ તથા અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો, સુરત
सत्यमेव जयते

Letter No: ED/0774/07/2024 Dt: 09-08-2024

પત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2022/2166/G
શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭ મો માળ,
સરદાર ભવન ,સચિવાલય,
સેક્ટર-૧૦,ગાંધીનગર.

પ્રતિ,
નિયામકશ્રી,
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

વિષય:-બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને માંદગીની રજાઓ અંગેનો નાણા વિભાગનો તા. ૨૧/૦૭/૨૦૧૬નો ઠરાવ લાગુ પાડવા અંગે માર્ગદર્શન/સ્પષ્ટતા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપની કચેરીની તા. ૨૮/૧૧/૨૦૨૩ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/વ-૨/૨૧૪૮૭ થી મળેલ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને માંદગીની રજાઓ અંગેનો નાણા વિભાગનો તા. ૨૧/૦૭/૨૦૧૬નો ઠરાવ લાગુ પાડવા અંગે નીચે મુજબની વિગતો ધ્યાને લેવા વિનંતિ છે.

1. વિભાગના તા.૧૨/૦૯/૨૦૨૩ના ઠરાવ અન્વયે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકને માંદગી અંગેની રજાની જોગવાઈઓ ઠરાવ થયા તારીખ-૧૨/૦૯/૨૦૨૩થી લાગુ પાડવાની રહે.
2. બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોની માંદગી અંગેની રજાઓ નિયમિત નિમણૂંક બાદ આગળ લઈ જઈ શકાય(Carry Forward) છે.

આપનો વિશ્વાસુ,

(એ. જી. ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

---

ઈ-મેલ મારફતે

ક્રમાંક: ઘ/વ-૨/૨૦૨૪/૧૧૬૧૮-૧૧૬૫૪
નિયામક શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનીતવનની સામે, સેક્ટર-૧૯,
ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧
તા.૨૯/૧૧/૨૦૨૪

- શિક્ષણ વિભાગના તા.૧૨/૦૯/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/2166/G સંદર્ભે શિક્ષણ વિભાગના તા.૦૯/૦૮/૨૦૨૪ ના પત્ર-ક્રમાંક: ED/MIS/e-file/3/2022/2166/G (Letter No. ED/0774/07/2024) થી કરેલ સ્પષ્ટતા જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ...

નાયબ નિયામક
માધ્યમિક
ગાંધીનગર

પ્રતિ
1. સંયુક્ત નિયામકશ્રી (૧૦+૨), સદર કચેરી,
2. સંયુક્ત નિયામકશ્રી (હિસાબ), સદર કચેરી,
3. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા: તમામ, ગુ.રા.

નકલ સવિનય રવાના : ઉપસચિવશ્રી. ગ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2024 [illegible] 20 11:19:21 +05:30

File No: ED/MIS/e-file/3/2022/2166/G
Approved By: Deputy Secretary,G,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

6718

Letter No: ED/0064/09/2023 Dt: 12-09-2023

**બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોની સીધી ભરતીથી થતી નિમણૂંકોનો ફિક્સ પગાર પર "ખાસ ભથ્થું" આપવા તેમજ તેમની સેવાની શરતોમાં સુધારો કરવા બાબત.**

14 SEP

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/2166/G

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

1. નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.
2. શિક્ષણ વિભાગનો તા.૨૮/૦૧/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૦૬/૧૪૨૨/ગ.
3. નાણા વિભાગનો તા.૧૮/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)-ઝ.૧.
4. શિક્ષણ વિભાગનો તા.૨૬/૦૯/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૨૨/ગ.
5. નાણા વિભાગનો તા.૧૨/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)-ઝ.૧.
6. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૨૭/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ઘ/મધ્ય/વ-૨/૫૨૫૭.

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી ધોરણે કરવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના શિક્ષણ વિભાગના તા.૨૮/૦૧/૨૦૦૮ના ઠરાવથી તા.૧૬/૦૨/૨૦૦૬ બાદ કરવામાં આવેલ નિમણૂંકોમાં નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની બોલીઓ અને શરતો લાગુ પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફીક્સ પગાર પર "ખાસ ભથ્થું" આપવા તેમજ તેમની સેવાની શરતોમાં સુધારો કરવામાં આવેલ હતો. વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના શિક્ષણ વિભાગના તા.૨૬/૦૯/૨૦૧૬ના ઠરાવથી વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને લાગુ પાડવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવથી તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની શરત નં(૪)(૨)માં નીચે મુજબનો સુધારો/સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

"૧.ફીક્સ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ, પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.

૨.સંબધિત વહિવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજૂર કરી શકશે.

૩.આ રજાઓ એકઠી (accumulate) થઈ શકશે."

નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને લાગુ પાડવામાં આવેલ ન હતી. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૬) સામેના તા.૨૭/૦૨/૨૦૨૦ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને માંદગીના હેતુસર રજા બાબતે યોગ્ય માર્ગદર્શન માટે દરખાસ્ત કરેલ હતી. જેના અનુસંધાને વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

Letter No: ED/0064/09/2023 Dt: 12-09-2023

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક(૫) સામેના નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને લાગુ પાડવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની શરત નં(૪)(૧)માં કર્મચારીને આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૫ ખાસ રજાઓ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ વાર્ષિક ૧૫ ખાસ રજાઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફિક્સ પગારથી નિમણૂંક પામતાં વેકેશનલ કર્મચારીઓને મળવાપાત્ર થશે નહિ.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૮/૦૮/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી મળેલ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર..
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી,માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ.

Signature valid
Signed by: J T Bandhaniya
Under Secretary
Date: 2023.09.12
17:59:54 +05:30

File No: ED/MIS/e-file/3/2022/2166/G
Approved By: Dr. Vinod R Rao(Secretary,ED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*